**<u>કલે.પરચુ. અરજી નં. ૧૩/૨૬ ના કામે અરજદારની પેમેન્ટ અરજી આંક–૧ હેઠળ હુકમ :–</u>**

(૧) અરજદારને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, અરજી અન્વયે સામાવાળા ને નોટીસ કરવામાં આવેલ છે. હાલની અરજી ગુજ. ધરણાંત પરબતભાઈ પાનેરાના અરજદારના અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૯૭/૦૨ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૧૫–૦૨–૧૪ ના રોજ હુકમ, એવોર્ડ કરેલ છે તે મુજબ મુળ અરજદાર નં.–૪ ગીતાબેન ધરણાંતભાઈ પાનેરાના હીસ્સાની વળતરની રકમ સામાવાળા વિમા કંપનીએ જમા કરાવેલ હોય તે રકમની અરજદાર એટેલે કે, ગીતાબેનના નામે એફ.ડી. થયેલી હોય તે તેના પતિ એટલે કે, અરજદારને ચુકવવા માટે હાલની અરજી કરેલ છે અને મુળ અરજદાર નં.–૪ મરણ પામેલ હોવાનો મરણનો દાખલો અને હાલના અરજદાર તેના વારસો હોવા અંગેનુ પેઢીનામુ ધ્યાને લેવા રજુઆત છે.

(૨) નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢના હુકમ મુજબ વળતરની રકમ રૂા.૬૫,૯૫૬/– એફ.ડી.રીલીઝ થતા જમા થયેલ છે જે સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા કરાવેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણે લેતા જણાય છે. આમ અરજીની હકીકતો તથા અકસ્માત વળતર કલેઈમ કેસ નં.૯૭/૦૨ ના કામે થયેલ હુકમ અને તે હુકમ અન્વયે જમા રકમ તથા મુળ અરજદાર નં.–૪ મરણ પામેલાનો મરણનો દાખલો તથા હાલની અરજીના અરજદાર તેના પતિ,પુત્ર થતા હોવા અંગુનુ પેઢીનામુ અને અરજીમાં જણાવેલી નામદાર હાઈકોર્ટમાં અપીલ થયેલ ન હોવાની હકીકત ધ્યાને લઈ તમામ હકીકતે અરજી અન્વયે નીચે મુજબ જમા રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

| | |
|---|---|
| –––– | કોર્ટ ફી. |

<table>
<tr>
<td>રૂા. ૬૫,૯૫૬/–</td>
<td>અરજદાર નં.–૧ નાથાભાઈ દેવાયતભાઈ મારડીયાને રૂા. ૩૨,૯૭૮/– ઓળખ અંગેની ખરાઈ કરી આ.ટી.જી. એસ.થી ચુકવવી.
<table>
<tr><td>એકાઉન્ટ નં.</td><td>66002378264</td></tr>
<tr><td>બેન્ક નામ</td><td>ભારતીય સ્ટેટ બેંક.</td></tr>
<tr><td>આઈ.એફ.એસ.સી.કોડ</td><td>SBIN0060119</td></tr>
</table>
અરજદાર નં.–૨ યથાર્થ નાથાભાઈ મારડીયાને રૂા. ૩૨,૯૭૮/– ઓળખ અંગેની ખરાઈ કરી આ.ટી.જી. એસ.થી ચુકવવી.
<table>
<tr><td>એકાઉન્ટ નં.</td><td>08880100019374</td></tr>
<tr><td>બેન્ક નામ</td><td>બેંક ઓફ બરોડા.</td></tr>
<tr><td>આઈ.એફ.એસ.સી.કોડ</td><td>BARB0MANAVA</td></tr>
</table>
</td>
</tr>
<tr>
<td>રૂા.૬૫,૯૫૬/–</td>
<td>અંકે રૂપિયા પાસાંઈઠ હજાર નવસો છપ્પન પુરા.</td>
</tr>
</table>

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનાઓને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૦૯ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.

તારીખ ૦૯–૦૩–૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)